


# અષ્ટમંગલ ઔચિત્ય

ઈશાનુગ્રહ

॥ ॐ ह्रीँ श्रीँ अर्हं श्री धरणेन्द्र पद्मावती सहिताय श्री जीराउला-शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

॥ श्री प्रेम-भुवनभानु-पद्म-जयघोष-हेमचंद्र-जयसुंदर-कल्याणबोधिसूरिभ्यो नमः ॥


નામ : અષ્ટમંગલ ઔચિત્ય

વિષય : અષ્ટમંગલ દર્શન-માર્ગદર્શન
વિષયક પ્રશ્નોત્તર પુસ્તિકા

શુભાશય : મારા પ્રભુના સંઘની સર્વતોમુખી ઉન્નતિ હો !
મારા પ્રભુના સંઘમાં સર્વત્ર સુખ ને શાંતિ હો !
મારા પ્રભુની ભક્તિ કાજે અષ્ટમંગલ વર્ણવું,
મારા પ્રભુ ! દેજો મને વરદાન એક જ મોક્ષનું.

પ્રથમાવૃત્તિ : વિ.સં. 2075 (1000 ગુજરાતી, 1000 હિન્દી)

પ્રાપ્તિસ્થાન : અમદાવાદ :
સિદ્ધાંતમહોદધિ શ્રી પ્રેમસૂરીશ્વરજી શ્રુતસદન
પાલડી : યોગેશભાઈ- 99745 87879
સાબરમતી : બિજુલભાઈ- 84908 21546
મુંબઈ : અક્ષયભાઈ- 95945 55505

Online available at
www.shilpvidhi.org
www.jainelibrary.org

પ્રકાશક : શિલ્પવિધિ
11, બોમ્બે માર્કેટ, રેલ્વેપુરા,
અમદાવાદ-380 002.
મો. : 97734 42516

મુદ્રક : જય જિનેન્દ્ર ગ્રાફિક્સ, અમદાવાદ.
જય જિનેન્દ્ર : 98250 24204
કુશ : 99256 17992

# અષ્ટમંગલ દર્શન - માર્ગદર્શન

**પ્રશ્ન : અષ્ટમંગલના દર્શન કયા ભાવથી કરવા અને શ્રીસંઘને કરાવવા ?**

**ઉત્તર :** જે તે દ્રવ્ય કે ભાવમંગલનો, મંગલબુદ્ધિપૂર્વકનો યથાયોગ્ય વ્યવહાર, કાર્યસિદ્ધિમાં નિમિત્ત કારણરૂપ બની શકે છે.

- જેમ ભૌતિક જગતમાં, પરીક્ષા આપવા જનાર બાળકને માતા દહીં કે ગોળ, શુકનબુદ્ધિથી એટલે કે મંગલબુદ્ધિથી ખવડાવે છે, તો તેની સાયકોલોજીકલ અસર ઊભી થાય છે. ભલે કદાચ બીજી અસર હોય કે ન પણ હોય, પરંતુ તેની માનસિક જે અસર પડે, તે કાર્યસિદ્ધિમાં નિમિત્ત બની શકે છે. એ જ ન્યાયે ધર્મજગતમાં અષ્ટમંગલના ધર્મમંગલબુદ્ધિથી દર્શન કરાવતી વખતે, દર્શન કરાવનારના કે દર્શન કરનારના ભાવોની એક શુભ પોઝીટીવ અસર ઊભી થાય છે. આ શુભભાવની વૃદ્ધિ માટે અષ્ટમંગલ દર્શનનું પ્રયોજન છે.
- શ્રીસંઘને અષ્ટમંગલના દર્શન ધર્મમંગલબુદ્ધિથી અર્થાત્ નિમ્નોક્ત ભાવોપૂર્વક કરાવવા.

  દુનિયાના દહીં, ગોળ આદિ દ્રવ્યમંગલોમાં પણ પરમશ્રેષ્ઠ ઉત્કૃષ્ટ દ્રવ્યમંગલસ્વરુપ આ અષ્ટમંગલના દર્શનથી –

  – શ્રીસંઘના વિઘ્નોનું નિવારણ થાઓ.

  – શ્રીસંઘના અપાયો દૂર થાઓ.

  – શ્રીસંઘની આરાધનામાં વૃદ્ધિ થાઓ.

  – શ્રીસંઘની સમૃદ્ધિ, ઉન્નતિ અને આબાદિ થાઓ.

  – સર્વ પ્રકારે શ્રીસંઘનું કલ્યાણ થાઓ.
- આ અને આવા ઉત્કૃષ્ટ શુભભાવોપૂર્વક શ્રીસંઘને અષ્ટમંગલના દર્શન કરાવવા.
- શ્રી સંઘને દર્શન કરાવતી વખતે અષ્ટમંગલના માહાત્મ્યદર્શક દુહાઓ પણ બોલી શકાય છે, જે પ્રસ્તુત પુસ્તિકામાં અંતે આપેલ છે. તેમજ **www.shilpvidhi.org** વેબસાઈટ પરથી અષ્ટમંગલના ગીતો પણ મળી શકશે.

**પ્રશ્ન : અષ્ટમંગલના આઠ મંગલો કયા કયા છે ? તેના ચડાવા કયા ક્રમમાં થાય ?**

**ઉત્તર :** અષ્ટમંગલના આઠ મંગલો અનુક્રમે આ પ્રમાણે જાણવા.

(૧) સ્વસ્તિક, (૨) શ્રીવત્સ, (૩) નંદ્યાવર્ત, (૪) વર્ધમાનક, (૫) ભદ્રાસન, (૬) કળશ, (૭) મીનયુગલ, (૮) દર્પણ.

- શ્રી રાયપસેણઈય સૂત્ર, શ્રી ઔપપાતિક સૂત્ર, શ્રી જીવાજીવાભિગમ સૂત્ર, શ્રી ભગવતીસૂત્ર વગેરે પ્રત્યેક આગમગ્રંથોમાં અનેકશઃ અષ્ટમંગલનો શાશ્વત એવો ક્રમ ઉપર જણાવ્યા અનુસારનો છે. તેથી અષ્ટમંગલના આઠ મંગલના આઠ ચડાવા, ઉપર જણાવેલ ક્રમાનુસાર કરવા.
- અષ્ટમંગલ માટે ભિન્ન ભિન્ન પ્રકરણ ગ્રંથોમાં અન્ય ક્રમ પણ પ્રાપ્ત થાય છે. આપના શ્રીસંઘના જિનાલયોમાં જોવા મળતી અષ્ટમંગલની પાટલીમાં પણ ભિન્ન ક્રમ જોવા મળશે. પરંતુ સર્વથી પ્રાચીન અને સર્વ આગમોને એકસમાનપણે માન્ય શાશ્વત ક્રમ ઉપર જણાવ્યા અનુસારનો જ છે. તેથી શ્રીસંઘોમાં આગમોક્ત ઉપર જણાવેલ ક્રમાનુસાર અષ્ટમંગલના ચડાવા કરવા વધુ યોગ્ય અને ઉચિત ગણાશે.
- અષ્ટમંગલના આઠ મંગલોના ક્રમ બાબત શાસ્ત્રપાઠો સહિત ખૂબ જ વિસ્તારથી વિચારણા 'અષ્ટમંગલ માહાત્મ્ય' નામના ગ્રંથમાં કરેલ છે. જિજ્ઞાસુઓ ત્યાં દૃષ્ટિપાત કરી શકે.

**પ્રશ્ન : શ્રી પર્યુષણા મહાપર્વમાં અષ્ટમંગલના દર્શન કરાવવાના ચડાવા કયા દિવસે કરવા ?**

**ઉત્તર :** વિ.સં. ૨૦૭૨ના પાલીતાણામાં આયોજિત શ્રમણ સંમેલનના ઠરાવ નં. ૪૮ ને અનુસરીને, સકળ શ્રીસંઘમાં અષ્ટમંગલના દર્શન માટેના ચડાવા સાધારણ દ્રવ્યવૃદ્ધિના જે હેતુથી શરૂ થઈ રહ્યા છે, તે જોતાં સકળ શ્રીસંઘ જ્યારે વધુમાં વધુ સંખ્યામાં ભેગો થયો હોય, સહુ આનંદ-મંગલ-ઉલ્લાસના વાતાવરણમાં હોય ત્યારે

સકળ શ્રીસંઘમાં અષ્ટમંગલના દર્શનના ચડાવા બોલવાપૂર્વક તેના દર્શન કરાવવા વધુ યોગ્ય અને ઉચિત જણાય છે. આ દિવસ એટલે જન્મવાંચનનો દિવસ. અર્થાત્ પ્રભુવીરના જન્મવાંચનના દિવસે અષ્ટમંગલના ચડાવા બોલાવી, સકળ શ્રીસંઘના મંગલ અર્થે શ્રીસંઘને તેના દર્શન કરાવવા જોઈએ.

**પ્રશ્ન : અષ્ટમંગલના ચડાવા રવિવારના દિવસે કે જન્મવાંચન સિવાયના દિવસે કરી શકાય ?**

**ઉત્તર :** આપણા પર્યુષણ તિથિ આધારિત છે. અને તેથી પર્યુષણમાં રવિવાર દરેક વખતે નિશ્ચિત હોતો નથી. માટે રવિવારનો વિકલ્પ યોગ્ય જણાતો નથી. વળી, જન્મવાંચનના દિવસે સ્વયંભૂ રવિવાર જેવું જ વાતાવરણ હોય છે. તેથી અષ્ટમંગલના ચડાવા કરવા માટે જન્મવાંચનનો દિવસ વધુ ઉચિત જણાય છે.

- પર્યુષણામાં પાંચમા દિવસે પ્રભુવીર જન્મવાંચન નિયત હોઈ ચૌદ સ્વપ્ન તો તે દિવસે જ ઉતારવાના હોય છે. પરંતુ, અષ્ટમંગલના દર્શન માટે એવું કોઈ નિયત નિમિત્ત નથી. તેથી શ્રીસંઘ પોતાની અનુકૂળતા અનુસાર પર્યુષણના અન્ય દિવસોમાં પણ અષ્ટમંગલના ચડાવા તથા દર્શન કરી-કરાવી શકે છે.
- જન્મવાંચનના દિવસે ઘણા બધા ચડાવા હોય છે. તે કારણે અષ્ટમંગલના ચડાવાની અનુકૂળતા ન હોય એમ પણ બની શકે છે. પર્યુષણના પ્રથમ દિવસે પણ ઘણો બધો સંઘ હાજર રહેતો હોય છે. તે દિવસે પણ અષ્ટમંગલના ચડાવા થઈ શકે છે. અથવા પર્યુષણાના ત્રીજા દિવસે વ્યાખ્યાન અલ્પ હોઈ તથા તે દિવસે કલ્પસૂત્રના પણ ચડાવા હોઈ, તેની સાથે સાથે અષ્ટમંગલના પણ ચડાવા લઈ જ શકાય છે. આ બાબત જે તે શ્રીસંઘની અનુકૂળતા પર આધાર રાખે છે.
- અમદાવાદના શ્રી સાબરમતી પાર્શ્વ સેવા ભક્તિ મંડળ, સાબરમતી દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ૬૦૦ થી અધિક સંઘોમાં અષ્ટમંગલના સેટ પહોંચ્યા છે. શ્રીસંઘમાં

અષ્ટમંગલના ચડાવા સંબંધિ કેવો પ્રતિભાવ રહ્યો, ચડાવા કેવા અને કેટલા થયા વગેરે બાબતની તપાસ કરાવતાં, અનુભવથી એવું જણાયું છે કે જન્મવાંચનના દિવસે અષ્ટમંગલના ચડાવાનો પણ ઉત્સાહ-ઉલ્લાસ સવિશેષ રહે છે.

- પર્યુષણામાં પણ, શેષ દિવસોમાં ઉપાશ્રય ન આવનાર વર્ગ પણ, જન્મવાંચનના દિવસે તો ઉપાશ્રયે હાજર હોય છે. આઠે'યમાંથી આ જ દિવસે સૌથી વધુ આનંદ-પ્રમોદ અને ઉત્સાહ-ઉલ્લાસનું વાતાવરણ હોય છે. તેથી આ દિવસે ચડાવા કરવાથી ઈચ્છિત કાર્યસિદ્ધિ સાહજિક બને છે.
- જન્મવાંચનમાં પ્રભુનો જન્મ સાંભળવાનું એક પ્રબળ શુભ આલંબન અને શ્રીસંઘની અવિહડ શ્રદ્ધા-ભક્તિ-આસ્થા એવી છે કે, પ્રભુ વીરનો જન્મ સાંભળ્યા વિના, ભલે ગમે તેટલો સમય લંબાય તો પણ, કોઈ વ્યક્તિ ઉપાશ્રય કે પ્રસંગ છોડી જતું નથી.
- વળી, આ દિવસ એવો છે કે, જ્યારે સકળ શ્રીસંઘ વધુમાં વધુ સંખ્યામાં હાજર હોય છે. તેનાથી (૧) અષ્ટમંગલ દર્શનનો ચડાવો લેનારને પણ, ચડાવો લેવાનો ઉત્સાહ રહે છે, તથા (૨) તેના પરિવારના પણ પ્રત્યેક સભ્યો દર્શન કરાવવા વગેરેનો સંપૂર્ણ લાભ લઈ શકે છે.
- અલબત્ત, આ તો અમારો એક અભિપ્રાય છે. બાકી આગળ જણાવ્યાનુસાર પર્યુષણના પ્રથમ દિવસે, તૃતીય દિવસે કે જન્મવાંચનના દિવસે, નિશ્રાવર્તી મહાત્માના માર્ગદર્શન અનુસાર, જે તે શ્રીસંઘની અનુકૂળતા મુજબ, પર્યુષણના કોઈપણ ઈષ્ટ દિવસે અષ્ટમંગલના ચડાવા કરી જ શકાય છે.

**પ્રશ્ન : જન્મવાંચનના દિવસે ચૌદ સુપન વગેરેના ઘણા ચડાવા હોય છે, એમાં આ અષ્ટમંગલના ચડાવા ઉમેરાતાં, ચડાવા ઘણા વધી જાય. તેથી જે સંઘોમાં બપોરના ચૌદ સ્વપ્નાદિના ચડાવા થતા હોય ત્યાં સાંજે રાત્રિભોજન વગેરેના પ્રશ્ન આવે છે, તો શું કરવું ?**

**ઉત્તર :** બપોરે અષ્ટમંગલ વિના માત્ર ચૌદ સ્વપ્નાદિના ચડાવાની પ્રથા જે સંઘોમાં છે, ત્યાં રાત્રિભોજનના પ્રશ્નો પ્રાયઃ કરીને આવે જ છે. અને તેથી ઘણા બધા સંઘોમાં હવે સવારના ચડાવા શરૂ થયા છે.

- સવારે સ્વપ્નફળવર્ણનાદિનું વ્યાખ્યાન પૂર્ણ થાય કે તુરંત ચૌદ સ્વપ્નાદિના ચડાવા શરૂ થઈ જાય, જે પ્રાયઃ બપોર સુધીમાં પતી જાય. એમાં થોડું મોડું થાય તો'ય લોકો ચલાવી લે છે. સક્ષમ સંઘોમાં ઘણું કરીને એ દિવસે બપોરના સ્વામિવાત્સલ્યની વ્યવસ્થા હોય છે. તેથી મધ્યાહ્ન ભોજન સંબંધિ કોઈ પ્રશ્ન ન રહે. તેમજ રાત્રિભોજનનો પણ પ્રશ્ન ન રહે. વળી, પ્રભુજીના ઘોડિયા પારણાનો ચડાવો લેનારને પણ ઘરે શણગાર કરવો વગેરે વ્યવસ્થાની દોડધામ ન થાય, વિશેષ અનુકૂળતા રહે.
- જે સંઘોમાં બપોરે ચડાવા કરવાની પ્રણાલિકા હોય તેઓએ ગીતાર્થ ગુરુભગવંતના માર્ગદર્શન અનુસાર, રાત્રિભોજન ત્યાગની પરમાત્માની આજ્ઞા સચવાય એ માટે વિચાર-વિમર્શ કરીને પ્રણાલિકા સુધારી લેવાનો પ્રયત્ન કરી શકાય.
- તેમ છતાં, જેઓને સવારના ચડાવા કરવાની અનુકૂળતા ન થતી હોય, તેઓ બપોરે ચડાવા કરે, તેમાં થોડી ઉતાવળ રાખીને કરે, તો પણ પહોંચી વળાય. અથવા એવું જો મનમાં ન બેસતું હોય, અથવા તો એવું કરવું શક્ય ન બની શકે એમ હોય, ત્યાં આગળ જણાવ્યાનુસાર પર્યુષણાના પહેલા કે ત્રીજા દિવસનો વિકલ્પ તો છે જ.
- વળી, ચૌદ સ્વપ્નના ચડાવામાં કોઈ સમજણ ન આપીએ તો'ય એકવાર ચાલે. પરંતુ, અષ્ટમંગલના સ્વરુપ અને પ્રભાવ સંબંધે લોકોમાં થોડી જાગૃતિ લાવવી જરુરી છે. એ માટે તેનું સંક્ષિપ્ત વિવરણ પણ થાય તે ઈચ્છનીય છે.
- જન્મવાંચનના દિવસે જો ચડાવા રાખ્યા હોય, તો એ દિવસે તો વિવેચનનો સમય ન જ હોય, એ સમજી શકાય એવી બાબત છે. તેથી પર્યુષણાના પ્રારંભના ત્રણ દિવસોમાં મહાત્માઓ, પર્યુષણની આરાધના કરાવનાર આરાધકો કે જે તે સંઘના વડિલ ટ્રસ્ટીઓ વગેરે

અષ્ટમંગલનું માહાત્મ્ય સમજાવી દે, તે માટેની ભૂમિકા કરી દે તો પછી એ માટેનો માહોલ પણ બની જાય અને ચડાવામાં વાર પણ ન લાગે.

- જન્મવાંચન સિવાયના દિવસોમાં ચડાવા કરતા હોઈએ, તો અષ્ટમંગલના સ્વરુપ અને પ્રભાવ સંબંધે શ્રીસંઘને ઉત્સાહવર્ધક સંક્ષિપ્ત સમજણ આપવી જોઈએ.

**પ્રશ્ન : ચૌદ સ્વપ્નના દર્શન, જાણે કે આકાશમાંથી સ્વપ્ન ઉતરતા હોય તેમ ઉપરથી સ્વપ્ન ઉતારીને કરાવીએ છીએ, તેમ શું અષ્ટમંગલ પણ ઉપરથી ઉતારવાના કે માત્ર તેના દર્શન કરાવવાના ?**

**ઉત્તર :** પ્રભુમાતા આકાશમાંથી નીચે ઉતરતા અને પોતાના મુખમાં પ્રવેશતા હોય એ સ્વરુપે ચૌદ સ્વપ્ન જોતા હોય છે. તેના અનુકરણ સ્વરુપે આપણે પણ, જાણે કે આકાશમાંથી નીચે ઉતરતા હોય, એ સ્વરુપે ચૌદ સ્વપ્ન ઉતારીએ છીએ. જ્યારે અષ્ટમંગલમાં એવું નથી, તેને ઉપરથી ઉતારવા માટે કોઈ વિશેષ પ્રયોજન, પ્રસંગ કે તર્ક નથી. તેથી તેને ઉપરથી ઉતારવાને બદલે માત્ર તેના દર્શન કરાવવા જોઈએ. આ મૂળભૂત વાત થઈ.

- અલબત્ત, મોટા ભાગના સંઘોમાં ચૌદ સ્વપ્નની જેમ અષ્ટમંગલના પણ ઉપરથી ઉતારીને દર્શન કરાવાય છે. તેઓનો તર્ક એવો છે કે, શ્રીસંઘને અષ્ટમંગલના દર્શન કરાવવાના છે. હવે દર્શન કરાવવાની તો અનેક રીત હોઈ શકે. (૧) સીધે સીધા દર્શન કરાવવા, (૨) સમૂહની પાછળથી આવીને દરેકને આશ્ચર્ય થાય એમ દર્શન કરાવવા, (૩) ચારે બાજુ લોકોને ફરતે આંટો મારીને દર્શન કરાવવા, (૪) એક બાજુથી પ્રવેશ કરીને બીજી બાજુથી બહાર નીકળી જવાય એ રીતે દર્શન કરાવવા, (૫) સ્ટેજની નીચેથી હાઈડ્રોલિક મશીનથી બહાર આવે એ રીતે દર્શન કરાવવા. તેમજ એવા જ વિકલ્પરુપે (૬) આકાશમાંથી ઉતરીને સકળ શ્રીસંઘનું મંગલ કરતા હોય

એમ દર્શન કરાવવા. સકળ શ્રીસંઘને દર્શન કરાવવાની આ એક પદ્ધતિ છે. તેથી આકાશમાંથી ઉતરતા હોય એ સ્વરુપે દર્શન કરાવવામાં કોઈ બાધ નથી.

**પ્રશ્ન : જન્મવાંચનના દિવસે અષ્ટમંગલના ચડાવા (તેમજ તેના દર્શન) કરાવવાના હોય, તો તે માટે કયા કયા વિકલ્પો હોઈ શકે ?**

**ઉત્તર :** જન્મવાંચનના દિવસે ચૌદ સ્વપ્ન ઉપરાંત, પ્રભુજીને પારણામાં પધરાવવાના, પારણું ઝૂલાવવાના વગેરે ચડાવાઓ પણ હોય છે. તેમાં અષ્ટમંગલના ચડાવા બાબત નીચેના વિકલ્પો વિચારી શકાય.

૧) જે તે ઉચિત સમયે સળંગ આઠે'ય મંગલોના બધા ચડાવા કરી શકાય.

૨) આંતરે આંતરે બે વારમાં ચાર-ચાર ચડાવા કરી શકાય.

૩) મંગલ આઠ છે, સ્વપ્ન ચૌદ છે. સૌપ્રથમ એક મંગલ, પછી બે સ્વપ્ન, પછી એક મંગલ, પછી બે સ્વપ્ન... આમ બે-બે સ્વપ્નને આંતરે અષ્ટમંગલના ચડાવા કરીએ તો, છેલ્લા ચૌદમા સ્વપ્ન બાદ આઠમા મંગલનો ચડાવો થાય.

૪) શ્રીવત્સ = લક્ષ્મીપુત્ર. લક્ષ્મીદેવીના ચોથા સ્વપ્ન બાદ બીજા શ્રીવત્સનો ચડાવો કરીએ તો... પ્રથમ બે સ્વપ્ન, પછી એક મંગલ... પછી બે સ્વપ્ન, એક મંગલ... એમ ચૌદમા સ્વપ્ન બાદ સાતમું મંગલ... અને પારણાના ચડાવાને આંતરે આઠમું મંગલ.

✧ જે તે શ્રીસંઘની તત્કાલીન વ્યવસ્થા, સંયોગો અને પરિસ્થિતિને આધીન તથા નિશ્રાદાતા ગુરુભગવંતના માર્ગદર્શન અનુસાર અન્ય પણ યથાયોગ્ય વિકલ્પ અપનાવી શકાય છે.

**પ્રશ્ન : દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી, એ આપણું મહાન કર્તવ્ય છે. જન્મવાંચનના દિવસે ચૌદ સ્વપ્ન ઉછામણી દ્વારા દેવદ્રવ્ય વૃદ્ધિને અવસરે, અષ્ટમંગલના**

**ચડાવા કરવામાં તો લોકો સાધારણમાં લાભ લેશે, જેથી દેવદ્રવ્યની ઉછામણી એટલી ઓછી થશે. તો દેવદ્રવ્યની હાનિ કર્યાનો દોષ ન લાગે ?**

**ઉત્તર :** 'દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી', 'દેવદ્રવ્યની વૃદ્ધિ કરનાર તીર્થંકર નામકર્મ બાંધે છે' - આ પ્રમાણેની જે શાસ્ત્રોક્ત પ્રરુપણાઓ છે, તે માત્ર દેવદ્રવ્ય માટે જ નથી. પરંતુ, દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, ગુરુદ્રવ્ય, સાધારણદ્રવ્ય અને ધર્મદ્રવ્ય (શુભખાતું); એમ પાંચે'ય ક્ષેત્ર માટે લગાડવાની છે. આ વાત દ્રવ્યસપ્તતિકાની ટીકામાં પ.પૂ. લાવણ્યવિજયજી મ.સા. એ સ્પષ્ટપણે જણાવી છે.

- અર્થાત્, દેવદ્રવ્યની જ વૃદ્ધિ કરનાર તીર્થંકર નામકર્મ બાંધે વગેરે... એટલું જ નહિ, જ્ઞાનદ્રવ્ય, ગુરુદ્રવ્ય, સાધારણ દ્રવ્ય અને ધર્મદ્રવ્યની વૃદ્ધિ કરનાર પણ તીર્થંકર નામકર્મ બાંધે છે. વિશિષ્ટ પ્રકારનું સૌભાગ્ય અને સમૃદ્ધિ પામે છે.
- જે તે કાળે, શ્રીસંઘમાં ગમે તે કારણે દેવદ્રવ્યની વૃદ્ધિ ઉપર ભાર અપાયો. તે કારણે સાધારણ દ્રવ્યવૃદ્ધિના શાસ્ત્રપાઠો ગૌણ થઈ ગયા છે... અને તે જ કારણે શ્રીસંઘમાં સાધારણ ખાતું વર્ષોથી સીદાય છે, સીદાતું રહ્યું છે.
- ૧૦૦૦ વર્ષ પ્રાચીન શ્રી સંવેગરંગશાળા ગ્રંથમાં સાધારણ ખાતે દ્રવ્યવ્યય કરવા પર પુષ્કળ ભાર આપ્યો છે. ત્યાં કહ્યું છે કે - કોઈ એક ક્ષેત્રે દ્રવ્ય વ્યય કરનારને તે ક્ષેત્ર સંબંધિ લાભ મળે છે. જ્યારે સાધારણ ક્ષેત્રે દ્રવ્યખર્ચ કરવા દ્વારા લાભ લેનારને સાતે'ય ક્ષેત્રની ભક્તિનો લાભ મળે છે. તે આત્મા વિપુલ યશ-કીર્તિ અને સમૃદ્ધિને પામે છે. સાધારણ ક્ષેત્ર પ્રત્યેના તેના આદર અને બહુમાન, તે વાસ્તવમાં તેના સાતે'ય ક્ષેત્ર પ્રત્યેના આદર અને બહુમાન છે. અને તેથી સાધારણ ખાતે દ્રવ્યવ્યય કરવા દ્વારા સાતે'ય ક્ષેત્રની ભક્તિમાં આગળ વધતો આત્મા ઉચ્ચ ભોગ-સુખ સહિત, યાવત્ તીર્થંકર નામકર્મનો પણ બંધ કરે છે.

- આમ, દેવદ્રવ્યની વૃદ્ધિનો જે લાભ છે, તેટલો જ કે અપેક્ષાએ તેથી વધુ લાભ સાધારણદ્રવ્યની વૃદ્ધિનો છે. અને તેથી જન્મવાંચનના દિવસે દેવદ્રવ્યની સાથે સાધારણ દ્રવ્યવૃદ્ધિના ચડાવા બોલાવવા પર દેવદ્રવ્યની હાનિ સંબંધિત કોઈ દોષ લાગતો નથી એ જાણવું.
- પ્રતિષ્ઠા પ્રસંગે જાજમ પાથરવાનો, પત્રિકામાં લિખિતમ્‌નો, ફલેચૂંદડીનો વગેરે ઘણા બધા સાધારણના ચડાવાઓ હોય છે. તે સમયે આપણે એવો વિચાર કરતા નથી કે, આ સાધારણના ચડાવાઓ બોલાશે, તો તેને કારણે પ્રતિષ્ઠાના ચડાવા ઓછા થશે. અને એવું પ્રાયઃ બનતું પણ નથી. આ સાધારણમાં લાભ લેનાર હવે પ્રતિષ્ઠામાં લાભ નહીં લે - એવા સંયોગ પ્રાયઃ કરી ઊભા થતા નથી, એ જ ન્યાય અહીં પણ લાગુ પડે છે. એટલે જન્મવાંચનના દિવસે, અષ્ટમંગલના સાધારણના ચડાવા, દેવદ્રવ્યની હાનિ કરનાર છે, એમ માનવું નહિ. અને તેથી જન્મવાંચનના દિવસે અષ્ટમંગલના ચડાવા કરવામાં કોઈ બાધ જાણવો નહિ.
- વળી, અષ્ટમંગલના ચડાવા કરવા દ્વારા, 'પ્રત્યેક શ્રાવકે મુખ્યપણે સાધારણ ખાતે જ દ્રવ્યવ્યય કરવો જોઈએ.' - એવું શ્રાદ્ધવિધિનું શાસ્ત્રવચન પણ અહીં સચવાય છે.
- વળી, અષ્ટમંગલના ચડાવા કરવા દ્વારા, 'શ્રાવકે જ્યારે જે ક્ષેત્ર સીદાતું હોય, ત્યારે તે ક્ષેત્રમાં દ્રવ્યવ્યય કરવો જોઈએ.' - એ શાસ્ત્રવચન પણ સચવાય છે.
- સાધારણ ખાતે લાભ લેનારનું દ્રવ્ય, જરૂર પડ્યે દેવદ્રવ્યમાં પણ વાપરી જ શકાય છે. એટલે પણ અષ્ટમંગલના ચડાવા દ્વારા દેવદ્રવ્યની હાનિનો પ્રશ્ન આવતો નથી.
- વાસ્તવમાં, દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી, એવી એકાંત શાસ્ત્રાજ્ઞા નથી, પણ સીદાતા ક્ષેત્રમાં દ્રવ્યવૃદ્ધિ કરવી એ વાસ્તવિક શાસ્ત્રાજ્ઞા જાણવી જોઈએ. વર્તમાનમાં જ્યારે સાર્વત્રિકપણે સાધારણ ખાતું સીદાતું જણાતું હોય, ત્યારે તેની વૃદ્ધિ

કરવી, એ વર્તમાનકાલીન આવશ્યક કર્તવ્ય ગણવું જોઈએ. અને તેથી જ શ્રમણ સંમેલન સર્વાનુમતે સાધારણ દ્રવ્યવૃદ્ધિ ઉપર ભાર મૂકે છે.

- અષ્ટમંગલના સાધારણના ચડાવાને કારણે દેવદ્રવ્યની હાનિની આપણે કાલ્પનિક સંભાવના વિચારીએ છીએ. પરંતુ, છેલ્લા ત્રણ વર્ષનો અનુભવ એવો રહ્યો છે કે, ઘણા સંઘોમાં અષ્ટમંગલના ચડાવા થતાંની સાથે, સ્વપ્નના દેવદ્રવ્યના ચડાવા પણ વધ્યા છે. દેવદ્રવ્યની તો આવક ઓછી થતી નથી, પરંતુ શ્રાવકો સાધારણમાં પણ એટલા જ ઉલ્લાસથી વધુ ખર્ચ કરે છે.
- વળી, ઘણું કરીને શ્રાવકવર્ગમાં, 'મારે આ અમુક જ ક્ષેત્રમાં દ્રવ્ય વાપરવું' - એવો એકાંત હોતો નથી. અમુક શ્રાવકોને રૂપિયા વાપરવાનું પણ બજેટ હોતું નથી, જે સમયે શ્રીસંઘનું જે કાર્ય હોય, તેમાં તેઓ ઉલ્લાસથી લાભ લઈ લેતા હોય છે. તેઓને હજી વધુ ચડાવાના નિમિત્ત મળે, તો તેમાં પણ તેઓ ઉલ્લસિત થતા હોય છે.
- સૌથી મહત્ત્વની વાત એ છે કે, શ્રીસંઘ ઘણું કરીને શ્રમણવર્ગની પ્રેરણાને જ અનુસરતો હોય છે. જ્યારે જેવી પ્રેરણા થાય, જેવી સાચી-સારી સમજણ અપાય, તે પ્રમાણે આરાધનામાં આગળ વધતો હોય છે. તેઓને દ્રવ્યવ્યય કરવા બાબત શાસ્ત્રસાપેક્ષ સાચી સમજ આપવામાં આવે તો, તે પ્રમાણે પણ દ્રવ્ય ખર્ચ કરવામાં ઉત્સાહિત થાય છે.
- એટલે શ્રી સંવેગરંગશાળા અને શ્રી શ્રાદ્ધવિધિના વચનોને આધારે, શ્રાવકવર્ગના હિતમાં વિચારીએ, તો પણ તેઓને સાધારણ ખાતે દ્રવ્યવ્યય કરવા બાબત પ્રેરિત અને પ્રોત્સાહિત કરવા જોઈએ. તથા તેમાં દેવદ્રવ્યની હાનિ સંબંધિ દોષની જરા પણ શંકા કે સંશય રાખવો નહિ.

• • •

## શંકા સમાધાન

**શંકા-૧૦૦૬ :** અષ્ટમંગલો શુભ શકુનરૂપ ગણાય છે, તે વાત સાચી છે ?

**સમાધાન-૧૦૦૬ :** અષ્ટમંગલો શુભ આકૃતિઓ છે, અને શુભ આકૃતિઓ શુભ શકુનરૂપ પણ મનાયેલી છે. એક પ્રાચીન 'શકુનાવલી'માં આજે જે અષ્ટમંગલ ગણાય છે, તેમાનાં ૪-૫ મંગલોને શુભ શકુનરૂપે વર્ણવતા શ્લોકો અહીં આપીએ છીએ, જે વાંચવાથી હકીકત જણાશે.

धनवृद्धिस्तथारोग्यं, क्षेत्रवृद्धिस्तथा भवेत् ।
धर्मकामार्थसंप्राप्तिः, स्वस्तिकस्य प्रदर्शनात् ॥१-१॥

સારી રીતે **સ્વસ્તિક** જોવાથી ધનની વૃદ્ધિ, આરોગ્યની પ્રાપ્તિ, ક્ષેત્ર (જમીન, રાજ્ય)ની વૃદ્ધિ થાય છે તથા ધર્મ-કામ-અર્થની સંપ્રાપ્તિ થાય છે.

प्रीतिकल्याणमत्यन्तं, प्रमोदं शोकनाशनम् ।
महती चार्थसम्पत्तिः, मत्स्ययुग्मप्रदर्शनात् ॥१-३९॥

**માછલીનું જોડલું** સારી રીતે જોવાથી સ્નેહ, કલ્યાણ, ખૂબ પ્રમોદ, શોકનો નાશ, મહાન સંપત્તિની પ્રાપ્તિ થાય છે.

द्रव्यलाभं महासौख्यं, गृहवृद्धिः प्रजायते ।
सर्वसौख्यसमृद्धिं च, सिंहासनस्य दर्शनात् ॥२-२॥

**સિંહાસન** જોવાથી મહાન સુખ, ઘરની વૃદ્ધિ, બધા જ સુખ અને સમૃદ્ધિઓ આવી મળે છે.

आनन्दं च प्रमोदं च, वाञ्छितार्थस्य सिद्धयः ।
अविघ्नं जायते सर्वं, नन्द्यावर्तस्य दर्शनात् ॥२-१०॥

**નંદ્યાવર્તનાં** દર્શનથી આનંદ, પ્રમોદ, ઈચ્છિત કાર્યોની સિદ્ધિઓ અને દરેક કાર્ય નિર્વિઘ્નપણે પૂર્ણ થવા રૂપ લાભો થાય છે.

अर्थलाभं जयं चैव, सौभाग्यं पुष्टिमेव च ।
निवृत्तिः स्याच्छरीरस्य, कलशस्य विलोकनात् ॥२-१३॥

**કુંભ** જોવાથી અર્થનો લાભ, વિજય, સૌભાગ્ય, પુષ્ટિ અને શરીરને આરામ (અગર શરીર ત્યાગથી નિર્વાણ) રૂપ લાભો થાય છે.

(સન્માર્ગ પ્રકાશન, વિ.સં. ૨૦૭૪, વર્ષ-૨૨, અંક-૧૯માંથી સાભાર)

# અષ્ટમંગલ દૂહા

**અષ્ટમંગલ આલેખતાં તથા શ્રીસંઘને દર્શન કરાવતા નીચેના દૂહા બોલી શકાય.**

**અ. અષ્ટમંગલ**

મંગલ અષ્ટના દર્શને, સંઘનું મગલ થાય;
વિઘ્ન ટળે કારજ સરે, શાશ્વત સુખ પમાય.

**૧. સ્વસ્તિક :**

ચાર ગતિ ચોગાનમાં, ચાર ધર્મનો સાથ;
સ્વસ્તિકના આલેખને, રિદ્ધિ સિદ્ધિ સવિ હાથ.

**૨. શ્રીવત્સ :**

લક્ષ્મીદેવીનો લાડકો, વક્ષમધ્ય સોહાય;
સુખ સમૃદ્ધિ કારકો, નામ શ્રીવત્સ કહાય.

**૩. નંદ્યાવર્ત :**

આનંદ મંગલ જેહથી, સીમાતીત પમાય;
ભવાવર્ત દૂરે કરે, નંદ્યાવર્ત સદાય.

**૪. વર્ધમાનક :**

વધે વધે નિત્યે વધે, પુણ્ય-યશ-અધિકાર;
વર્ધમાનક તેથી કહે, ધર્મવૃદ્ધિ દાતાર.

**૫. ભદ્રાસન :**

ભદ્રં ભદ્ર જે કરે, ભદ્રાસન મનોહાર;
દર્શનથી દુઃખડા હરે, આત્મરાજ્ય દેનાર.

**૬. પૂર્ણકળશ :**

અંતર્ઘટમાં જે ઠરે, મળશે મુક્તિની પાજ;
પૂર્ણકળશ પૂરણ કરે, ભૌતિક આત્મિક કાજ.

**૭. મીનયુગલ :**

જળ વિણ મીન રહે નહિ, તિમ પ્રભુ તુજ પ્રતિ પ્રીત;
મીનમંગલ આલેખતાં, મળો મુજ એ શુભ ચિત્ત.

**૮. દર્પણ :**

દર્પનાશ કરવા થકી, દર્પણ મંગલરૂપ;
નિર્મળદર્શનથી હુએ, આતમ દર્પણરૂપ.
મંગલ અષ્ટને વર્ણવ્યા, સંઘના મંગલ કાજ;
પ્રેમ-ભાનુ-જય-હેમકૃપા દેજો મુક્તિનું રાજ.

• • •

## શિલ્પવિધિ પ્રકાશન

### જૈન શિલ્પ વિધાન
(ભાગ-૧,૨,૩)

શિલ્પશાસ્ત્રો, વર્તમાન પરંપરા તથા અનુભવી વિદ્વાનો-શિલ્પીઓના અનુભવના નિચોડરૂપ શાસ્ત્રીય શિલ્પગ્રંથ

### જૈન શિલ્પ વિચાર

જિનપ્રતિમા-જિનાલય શિલ્પ વિષયક લેખસંગ્રહ

### જિનાલય નિર્માણ માર્ગદર્શિકા
(ગુજરાતી-હિન્દી)

મંદિર નિર્માણ તેમજ શ્રીસંઘમાં વારંવાર ઉપયોગી ઓપ-લેપ-ચક્ષુ-ટીકા, દેવ-દેવીઓની સ્વતંત્ર ધ્વજા, લેખ, લાંછન વગેરે અનેક બાબતો માટે વ્યવહારિક, સ્પષ્ટ અને સચોટ, પારદર્શક માર્ગદર્શક વ્યવહારિક શિલ્પગ્રંથ

### શ્રી અઢાર અભિષેક વિધાન

૧૮ અભિષેક સંબંધી અનેક રહસ્યો, વિધાનશુદ્ધિ, દૃષ્ટાંતો, ભક્તિગીતો, સ્તુતિઓ સભર ૨૦૦ થી વધુ પ્રાચીન, પ્રતિષ્ઠાકલ્પાધારે સંપાદિત વિધિ ગ્રંથ

### શ્રી ધારણાગતિ યંત્ર (ગુજરાતી)
श्री बृहद् धारणायंत्र एवं श्री धारणागतियंत्र (हिन्दी)

જે તે સંઘ કે વ્યક્તિ માટે સંઘ કે ગૃહમંદિરમાં ક્યા ભગવાન પધરાવવા વધુ લાભદાયી છે એ જોવા માટેના કોષ્ટક સ્વરૂપ ગ્રંથ

### શાશ્વત જિનપ્રતિમા સ્વરૂપ

આગમગ્રંથોને આધારે દેવલોકમાં રહેલ શાશ્વત જિનપ્રતિમાનું સચિત્ર વર્ણન

### જિનાલય નિર્માણ વિધિવિધાન
### જિનાલય નિર્માણ વિધિવિજ્ઞાન

મંદિરનિર્માણના પ્રારંભ થી અંતસુધીમાં કરવાના શિલ્પશાસ્ત્રોક્ત સર્વ વિધાનો અને તેની સ્પષ્ટ સમજ

### અષ્ટમંગલ માહાત્મ્ય

આગમાદિ સ્વ-પર દર્શનોના અનેક ગ્રંથાધારે જૈન સાહિત્યમાં સૌપ્રથમ વિસ્તૃત વર્ણનાત્મક શોધ-નિબંધ

### અષ્ટમંગલ ઐશ્વર્ય

આઠેય મંગલો વિષે સંક્ષેપમાં સુંદર સમજ તથા સર્વ સાધારણ દ્રવ્ય વૃદ્ધિસ્થાન માર્ગદર્શન

Coming soon

### જૈન ચિત્ર સંહિતા

### જૈન શિલ્પ સૌંદર્ય

Coming soon

જૈન સાહિત્યમાં સર્વપ્રથમવાર,

શ્વેતાંબરીય સર્વ મૂર્તિપૂજક સંઘોને

એકસમાનપણે ઉપયોગી,

ધ્વજાસંબંધી અનેક અવનવી પ્રાયઃ

સર્વ વિગતોના સમવતાર સ્વરૂપ

સમૃદ્ધ શિલ્પવિધિ ગ્રંથ

એટલે



# ધ્વજા સર્વસ્વ

(ગુજરાતી, હિન્દી)

ધ્વજા સંબંધિ સંઘોપયોગી

સર્વ માહિતિસભર

સંક્ષિપ્ત ગ્રંથ એટલે જ

# ધ્વજારોહણ વિધાન

(ગુજરાતી, હિન્દી)

પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો:૯૮૨૫૦ ૨૪૨૦૪